**DATE: 15/07/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

### ઝઘડિયા તાલુકાના ઉમલ્લામાં શાંતિ સમિતિની બેઠક યોજવામાં આવી

# તાજિયા જુલૂસોને સમયમર્યાદામાં પૂર્ણ કરવા માટે આયોજકોને તાકીદ કરાઈ

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ઝઘડિયા તાલુકાના ઉમલ્લા પોલીસ મથકે આગામી મોહરમ ના તહેવારને અનુલક્ષીને પીએસઆ ની અધ્યક્ષસ્થાને શાંતિ સમિતિની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં કાયદો અને વ્યવસ્થા બાબતે એસઆઈ એ. એન ચૌધરી દ્વારા આગેવાનોને જરૂરી સુચનાઓ આપી હતી. કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ તથા જાહેર સુલેહ શાંતિ અને સલામતીનો માહોલ જળવાઈ રહે તે માટે દરેક ને ખાસ સૂચનાઓ આપવામાં આવી તહેવારોની ઉજવણી શાંતિમય માહોલમાં તેમજ કાયદામાં રહીને કરવાની ખાસ તાકિદ કરવામાં આવી હતી હતી આ બેઠકમાં ઉમલ્લા, પણેથા ,ઈન્દોર, વિસ્તારના મુસ્લિમ આગેવાનો એ હાજરી આપી હતી. તાજીયા જુલુસ સમયમર્યાદામાં પૂર્ણ થાય તે જોવા માટે આયોજકોને તાકીદ કરવામાં આવી હતી.



**DATE: 16/07/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-03**

### ભરૂચમાં લિફ્ટના બહાને યુવાનને કારમાં બેસાડી લૂંટી લીધો હતો

# યુવાનનું એટીએમ કાર્ડ લઈ 22 હજાર ઉપાડી લેનાર ટોળકીનો સાગરિત ઝબ્બે

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

ભરૂચના ચાવજ ગામે આવેલી વિશ્વમ સોસાયટીમાં રહેતાં રાકેશ અજીત તિવારી દહેજની કંપનીમાં નોકરીએથી પરત આવતાં મઢુલી સર્કલ પાસે ઉતર્યાં હતાં. તેઓ રિક્ષા કે અન્ય કોઈ વાહનની રાહ જોઈ રહ્યાં હતાં. તે વેળાં એક બલેનો કાર આવતાં તેમણે લિફ્ટ માટે હાથ ધરતાં કાર ચાલકે તેને કારમાં બેસાડ્યો હતો. અજીતે તેને ચાવજ ચોકડી પાસે છોડવા કહ્યું હતું. જોકે, કાર ચાલકે કાર બ્રીજ પર ચઢાવી દેતાં તે અંગે પુછતાં તેણે જણાવ્યું હતું કે, આનંદ હોટલ પાસેથી એક મિત્રને લેવાનો છે. જેથી તેઓ ત્યાં જતાં બે શખ્સો કારમાં પાછળ બેઠાં હતાં. જે બાદ તેઓએ કાર અવાવરૂ જગ્યાએ લઈ જઈ અજીતને ઢીકાપાટુંનો માર મારી ચપ્પુ બતાવી તેની પાસેથી તેનો એટીએમ કાર્ડ તેમજ પીન નંબર મેળવી એટીએમમાંથી 22 હજાર ઉપાડી લીધાં હતાં. જે બાદ તેને મઢુલી સર્કલ પાસે છોડી રફૂચક્કર થઈ ગયાં હતાં. બનાવ સંદર્ભે ફરિયાદ નોંધાતાં પોલીસે તેને જૂના આરોપીઓના ફોટા બતાવતાં તેણે પ્રદિપસિંહ અજીતસિંહ રાજ (રહે. અયોધ્યાનગર) ને ઓળખી જતાં ઠીમે તેને શક્તિનાથ પાસેથી ઝડપી પાડ્યો હતો. તેની પુછપરછમાં તેની સાથીઓના નામ સીનુ ઉર્ફે સુજલ સોલંકી (રહે. એકતાનગર સોસાયટી) તેમજ ધરમ સરદાર (રહે .હરીદ્વાર સોસાયટી) હોવાનું કબુલતા વોન્ટેડ જાહેર કર્યા છે.

**DATE: 16/07/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-03**

ઠગ ટોળકી કોઇને નિશાન બનાવે તે પહેલાં જ એલસીબીએ દબોચી લીધાં

# અંકલેશ્વરમાં ચિલ્ડ્રન બેન્કની 25 લાખની ડુપ્લિકેટ નોટ સાથે બે ગઠીયાઓ ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર પાસે ના નેશનલ હાઈવે ઉપર થી ભરૂચ એલસીબી પોલીસે વાહન ચેકીંગ દરમિયાન આણંદ અને વડોદરાના બે શખ્સોની ધરપકડ કરી હતી. કારમાંથી 25 લાખની મત્તાની ચિલ્ડ્રન બેન્કની 500 રૂપિયાની ડુપ્લિકેટ નોટો ટીમને મળતાં તેમની પુછપરછ કરતાં તેઓ એકના ડબલની લાલચ આપી લોકોને ઠગતાં હોવાનું કબુલાત કરી હતી. ટીમે તેમની પાસેથી ચિલ્ડ્રન બેન્કની નોટો તેમજ 78 હજાર રૂપિયા રોકડા, 15 હજારના 3 મોબાઈલ તેમજ કાર મળી 2.93 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

ભરૂચ એલસીબીની ટીમ અંકલેશ્વર પાસેના નેશનલ હાઈવે ઉપર અંસાર માર્કેટ પાસે વાહન ચેકીંગ કરી રહી હતી. ત્યારે એક અર્ટીગા કારને રોકી ડ્રાઈવર પાસે કારના દસ્તાવેજ માંગતા તેણે સંતોષકારક જવાબ નહી આપતાં ટીમે કારમાં તલાશી શરૂ કરી હતી. જેમાં કારમાં તેમને 500 ની મત્તાની ચિલ્ડ્રન બેન્કવાળી ડુપ્લિકેટ નોટોના 50 બંડલ મળી આવ્યાં હતાં. જેથી કારમાં બેસેલાં બન્ને શખ્સોની ગતિવિધી શંકાસ્પદ લાગતાં તેમની પુછપરછ કરતાં તેમના નામ નઝીર હુસેન મલેક (રહે. ગ્રીન પાર્ક સોસાયટી, આણંદ) તેમજ ધનસુખ ચિમનલાલ વૈદ્ય (રહે. શ્રવણગ્રીન એપાર્ટમેન્ટ, સમા સાવલી રોડ, વડોદરા) હોવાનું માલુમ પડ્યું હતું. ટીમે તેમની શંકાના આધારે અટકાયત કરી પુછપરછ કરતાં તેઓ પડી ભાંગ્યાં હતાં. તેમણે કબુલાત કરી હતી કે, તેઓ અલગ અલગ સ્થળે જઈ લોકોને મળી તેમને વિશ્વાસમાં લેતાં હતાં. જે બાદ એકના ડબલના બહાને તેમને ચિલ્ડ્રન બેન્કવાળી ડુપ્લિકેટ નોટ આપી ત્યાંથી રફુચક્કર થઈ જતાં હતાં. ટીમે તેમની પાસેથી 25 લાખની મત્તાની ચિલ્ડ્રનબેન્ક વાળી 500ની નોટના 50 બંડલ, રોકડા 78 હજાર, 15 હજારની મત્તાના 3 મોબાઈલ તેમજ 2 લાખની મત્તાની કાર મળી કુલ 2.93 લાખનો મુદ્દામાલ જપ્ત કરી તેમની સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.



## ગઠિયાઓની મોડસ ઓપરેન્ડી

નઝીર મલેક અને ધનસુખ વૈદ્ય તેમજ તેમની ટોળકી લોકો સાથે ઠગાઈ કરવાનું પુર્વઆયોજિત કાવતરૂ રચતાં હતાં. તેઓ કોઈ વ્યક્તિને મળ્યાં બાદ તેમની પાસે રિઝર્વ બેન્કની જ ઓરિજનલ નોટ જેવી જ નોટો છે તેમ જણાવતાં હતાં. તેમજ 10 લાખની ડુપ્લિકેટ નોટોની સામે તેઓ 5 લાખની ઓરિજનલ નોટો લેતાં હતાં. તેમજ કોઈ અવાવરૂ જગ્યાએ તેઓ સોદો કરવા માટે એકત્ર થાય ત્યારે ગઠિયાઓના જ સાગરિતો પોલીસ બનીને ત્યાં રેડ પાડે ત્યારે તેઓ ઓરિજનલ અને ડુપ્લિકેટ નોટો લઈને ભાગી જતાં હતાં. તેમજ નોટ લેવા આવેલાં શખ્સ પર જ પોલીસને બાતમી આપી હોવાનો આરોપ નાંખી તેની સાથેનો સંપર્ક તોડી નાંખતાં હતાં.

## અગાઉ 5થી 6 ગુનામાં પકડાયાની કબૂલાત

પોલીસ સકંજામાં ઝડપાઈ ગયેલાં નઝીર મલેક તેમજ ધનસુખ વૈદ્યએ પોલીસ પુછપરછમાં પડી ભાંગી કબુલાત કરી હતી કે, તેઓ અગાઉ 5થી 6 ગુનાઓમાં ઝડપાયાં હતાં. જોકે, નઝીર મલેક સામે વર્ષ 2014માં અંકલેશ્વર જીઆઈડીસીમાં ઠગાઈનો ગુનો નોંધાયો હતો. જે બાદ વર્ષ 2020માં પણ અંકલેશ્વર શહેર પોસ્ટેમાં ઠગાઈ અને 2023માં સુરત સાયબર ક્રાઈમમાં પણ ઠગાઈ અને આઈટી એક્ટ હેઠળ ગુનો નોંધાયો હતો

**DATE: 17/07/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### 10 કિલો ગાંજાના કેસમાં નાસતો ફરતો હતો

# અંકલેશ્વરમાં ગાંજાના કેસમાં ફરાર આરોપી ભરૂચથી ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર તાલુકાના સાળંગપુર ગામની મંગલદીપસોસાયટીમાં રહેતાજ્યોતિ કુમારીની કારમાંથી 10 કિલો ગાંજાના જથ્થા સાથે ધરપકડ કરી હતી. પોલીસની કાર્યવાહી દરમિયાન જયોતિ કુમારીનો સાથી વિક્રમમંડલ ફરાર થઈ ગયો હતો. પોલીસે જે તે સમયે એક લાખનો ગાંજો અને કાર સહીત 6.10 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આરોપીઓ વિરૂધ્ધ અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. છેલ્લા 6 મહિનાથીભાગેડુ વિક્રમ મંડલભરૂચ શીતલ સર્કલ પર આવ્યો હોવાની માહિતી આધારે વોચ ગોઠવી ભરૂચ એસઓજીએ ઝડપી પાડયો હતો. આરોપીને અંકલેશ્વર પોલીસને સોંપવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. આરોપી અત્યાર સુધી કયાં નાસતો ફરતો હતો અને કોણે આશ્રય આપ્યો હતો તેની માહીતી પોલીસ મેળવી રહી છે.



**DATE: 17/07/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

## પ્રાંત કચેરી ખાતે શાંતિ સમિતિની બેઠક મળી

# જંબુસરમાં તાજિયાના જુલૂસ સંદર્ભમાં આગેવાનોની બેઠક

ભાસ્કર ન્યૂઝ | જંબુસર

ભરૂચ શહેર તથા જિલ્લામાં વસતા મુસ્લિમ બિરાદરો મહોરમનું પર્વ મનાવશે અને તેના ભાગરૂપે તાજિયા જુલુસ કાઢવામાં આવશે. સંવેદનશીલ ગણાતાં જંબુસરમાં તાજિયા જુલુસ શાંતિપૂર્ણ રીતે સંપન્ન થાય અને કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે માટે શાંતિ સમિતિની બેઠક બોલાવવામાં આવી હતી.મહોરમના પર્વને ધ્યાનમાં રાખી પ્રાંત અધિકારીના અધ્યક્ષ સ્થાને શાંતિ સમિતિની બેઠક યોજાઇ હતી. તાજીયાના જુલુસના રૂટ, લાઇટ, તાજીયાના રૂટની ગંદકીની સાફ-સફાઈ, વીજળીના પોલના કેબલ વાયર, શોર્ટ સર્કિટ, પોલીસ બંદોબસ્ત વગેરે બાબતોની સમીક્ષા કરવામાં આવી હતી. એસડીએમ, મામલતદાર, ડીજીવીસીએલ, ટીડીઓ સહિતના અધિકારીઓ બેઠકમાં હાજર રહયાં હતાં. મહોરમનું પર્વ શાંતિ સુલેહ પૂર્વક સંપન્ન થાય તે માટે સોશિયલ મિડિયામાં ધાર્મિક લાગણી ન દુભાઇ તેવી પોસ્ટ ન થાય તે જોવા તાકીદ કરવામાં આવી હતી.

\

**DATE: 17/07/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ભાગીદારી સર્ટિફિકેટ સહિતના ખોટા દસ્તાવેજો બનાવ્યાં હતાં

# અંકલેશ્વરની કંપની સાથે છેતરપિંડી કરનારા પ્રોડકશન કેમિસ્ટની ધરપકડ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર જીઆઈડીસીની એપેક્ષ હેલ્થ કેર કંપની ના પ્રોડકશન કેમિસ્ટ ભાગીદારી સર્ટિફિકેટ અને શેર હોલ્ડર ના ખોટા લેટર પેડ બનાવી કંપની અને અન્ય કંપનીઓ સાથે છેતરપિંડી કરતા પ્રોડકશન કેમિસ્ટ ની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.



સુરતના અડાજણની શાલિગ્રામ સિગ્નેચરમાં રહેતા ડો.ચંદુ ગાબાણી અંકલેશ્વરમાં એપેક્ષ હેલ્થ કેર કંપની ચલાવે છે. કંપનીમાં વર્ષ-2019 ઓક્ટોબરથી વર્ષ 2021 સુધી પાલિતાણાના દૂધાળા ગામનો સેતુ વાવડીયા પ્રોડકશન કેમિસ્ટ તરીકે નોકરી કરતો હતો.તે દરમિયાન તેણે કંપનીના સર્ટિફિકેટ ઓફ પાર્ટનરશીપ,શેર હોલ્ડર સર્ફિફિકેટ તેમજ લેટર પેડના નમૂના કોઈપણ રીતે મેળવી લેટર પેડ બનાવી ખોટા ભાગીદાર સર્ટિફિકેટ અને શેર હોલ્ડર ના ખોટા લેટર બનાવી લીધાં હતાં. બનાવટી દસ્તાવેજોના આધારે તેણે એપેક્ષ હેલ્થકેર તેમજ અન્ય કંપની સાથે છેતરપીંડી કરી હતી. આખરે આરોપી સામે પાનોલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવતાં પોલીસે તેની ધરપકડ કરી તેની વધુ પૂછપરછ હાથ ધરી છે.

**DATE: 17/07/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-04**

# દધેડા ગામેથી ચોરી થયેલા મોબાઈલ સાથે શખ્સ ઝડપાયો

ઝઘડિયા તા ૧૬

ઝઘડિયા તાલુકાના દધેડા ગામેથી બે દિવસ અગાઉ ચોરી થયેલા મોબાઈલ સાથે પોલીસે એક શખ્સને ઝડપી લીધો હતો.

## મંદિરના ઓટલા પર સૂઈ રહેલા યુવકના ખિસ્સામાંથી મોબાઈલની ઉઠાંતરી થઈ હતી

દધેડા ગામના એક યુવકનો મોબાઈલ બે દિવસ અગાઉ ચોરી થઈ ગયો હતો. જેની ઝઘડિયા જીઆઈડીસી પોલીસ મથકમાં મોબાઈલ ચોરીની ફરિયાદ નંધાવી હતી. ઝઘડિયા જી.આઈ.ડી. સી પી.એસ.આઈ દ્વારા દધેડા ગામેથી ચોરી થયેલા મોબાઈલ શોધી કાઢવા પોલીસ સ્ટાફને સુચના આપી હતી. આ દરમિયાન પોલીસ તપાસ દરમિયાન મોબાઈલ ચોરી જનાર શખ્સની જાણ થતાં પોલીસે આ મોબાઈલ ચોરીના ગુના હેઠળ જસ્વિન ભાઈ ચુનીલાલ ભાઈ વસાવા (રહે. ગામ મોરતલાવ, તા. ઝઘડિયા જિ. ભરૂચ) ને મોબાઈલના મુદ્દામાલ સાથે ઝડપી લઈ કાર્યવાહી હાથ ધરી હતી. ઝઘડિયા જીઆઈડીસી પોલીસે તપાસ દરમિયાન દધેડા ગામે થયેલ મોબાઈલ ચોરીનો ભેદ ગણતરીના કલાકોમાં ઉકેલી નાંખ્યો હતો.



**DATE: 18/07/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-08**

# આણંદથી ધુલિયા કતલખાને લઈ જવાતી ૧૫ ભેંસ ભરેલી ટ્રક ઝડપાઈ

**ઝાડેશ્વર** ચોકડી નજીક પોલીસની કાર્યવાહી, સૂત્રધાર વોન્ટેડ

**પોલીસે** રૂ.૯.૨૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો



ભરૂચઃ ઝાડેશ્વર ચોકડીએ ઓવરબ્રિજ પાસે આણંદના સામળખાથી મહારાષ્ટ્રના ધુલિયા ૧૫ ભેંસ કતલખાને લઈ જવાના ઈરાદે લઈ જતાં ભરૂચ સી-ડિવિઝન પોલીસે ઝડપી પાડ્યો હતો. પોલીસે ડ્રાઈવર-ક્લીનરને દબોચી લીધા હતા. ભેંસો ભરાવનાર મુખ્ય સૂત્રધાર વોન્ટેડ જાહેર કર્યો હતો.

ભરૂચ સી ડિવિઝન પોલીસ નાઈટ પેટ્રોલિંગમાં હતી. એ વેળા વર્ધી મળી હતી કે, ઝાડેશ્વર ચોકડીની થોડે દૂર ભેંસો ભરેલી ટ્રક વડોદરાના પશુપ્રેમી હિતેશ અગ્રવાલે ઝડપી લીધી હતી. જેથી તાત્કાલિક ઝાડેશ્વર ચોકડીએ નેશનલ હાઈવેના ઓવરબ્રિજ પાસે પહોંચીને જોતાં ટ્રક નં.(GJ-૨૪ X-૮૮૭૨) ઊભેલી હતી, જેમાં ટ્રકને ચેક કરતાં ડ્રાઈવર અસલમખાન ગુલામનબીખાન પઠાણ (ઉં.વ.૨૪) (રહે.,કાકોસી, તા.સિદ્ધપુર, જિ.પાટણ) તેમજ ક્લીનર શાહરૂખખાન સાજીદખાન સિપાહી (ઉં.વ.૨૩) (રહે.,જૂના ડીસા, બનાસકાંઠા) હતા. આ ટ્રકમાં ૧૫ ભેંસ હતી. જે આણંદના સામળખા ગામના ઈલ્યાસમિયા હશરૂમિયા મલેકે પોતાના ગામમાંથી ભરાવી મહારાષ્ટ્રના ધુલિયા ખાતે લઈ જવા જણાવ્યું હતું. સી ડિવિઝન પોલીસે ૧૫ ભેંસ કિં.રૂ.૨,૨૫,૦૦૦ તેમજ ટ્રક કિં.રૂ.૭ લાખ મળી કુલ રૂ.૯,૨૫,૦૦૦ની મત્તાનો મુદ્દામાલ કબજે કરી ગુનો નોંધ્યો હતો. પોલીસે ડ્રાઈવર-ક્લીનરની ધરપકડ કરી સામળખા ગામના સૂત્રધારને વોન્ટેડ જાહેર કર્યો હતો.

**DATE: 18/07/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

જાહેરનામાના ભંગનો ગુનો દાખલ કરાયો

# નર્મદા મૈયા બ્રિજ પર ચાલતાં ટેમ્પો ડ્રાઈવર સામે કાર્યવાહી

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર



નર્મદા મૈયા બ્રિજ પર ભારદારી વાહનો પર પ્રતિબંધ હોવા છતાં ટેમ્પો ચાલક આવી જતાં પોલીસે તેની ધરપકડ કરી હતી. ભરૂચની નર્મદા નદી પર બનેલાં નર્મદા મૈયા બ્રિજ પરથી માત્ર એસટી બસોને પસાર થવાની મંજૂરી હોવા છતાં અન્ય ભારદારી વાહનો આવી જતાં હોય છે. આવા વાહનોને રોકવા માટે બ્રિજના બંને છેડા પર પોલીસ બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો છે. ગત રોજ રાત્રીના મૂળ મોરબી નિલેશ નદીસાડીયા નામનો ટેમ્પો ચાલક અંકલેશ્વરથી નર્મદા મૈયા બ્રિજ પર આવી ગયો હતો. પેટ્રોલિંગમાં રહેલી પોલીસની ટીમે ટેમ્પોને રોકી તેના ડ્રાઈવર સામે જાહેરનામા ભંગ તેમજ જી પી એક્ટ હેઠળ ગુનો નોંધી તેની ધરપકડ કરી આઈસર ટેમ્પો પણ જપ્ત કર્યો હતો.

**DATE: 18/07/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

### સેતુ વાવડીયાએ કંપની સાથે જ વિશ્વાસઘાત કર્યો

# એપેક્ષ હેલ્થકેરના બોગસ ડોક્યુમેન્ટ બનાવનાર કર્મચારી ઝડપાઈ ગયો

## કંપનીમાં ભાગીદારી હોવાનું સંબંધીઓને જણાવતો હતો

। અંકલેશ્વર ।

અંકલેશ્વર ઔદ્યોગિક વસાહત ખાતેની એપેક્ષ હેલ્થકેરમાં ફરજ બજાવતા સેતુ ભદ્રેશ વાવડીયાએ કંપની સાથે જ વિશ્વાસઘાત કર્યો કરતાં પોલીસ ફરિયાદને પગલે તેને પોલીસે ઝડપી પાડ્યો હતો.

તેને કંપનીના નામના બોગસ લેટર હેડ, સિક્કા, બનાવટી સહીં સહિતના ડુપ્લીકેટ ડોક્યુમેન્ટ બનાવ્યા હતા, અને પોતાના સગા-સંબંધીઓને કંપનીમાં ભાગીદાર હોવાનું જણાવતો હતો, અને કંપનીના સત્તાધીશોને બદનામ કરવાનું કાવતરું કરતો હતો.

આ સમગ્ર મામલો બહાર આવતા કંપનીના ડાયરેક્ટર ડો. ચંદુ ગાબાણી દ્વારા અંકલેશ્વર GIDC પોલીસ મથકમાં ફરિયાદ આપી હતી. આરોપીએ કંપની પાસેથી રૂપિયા લેવાના હોવા અંગેની પણ ઓનલાઈન ખોટી પોલીસ ફરિયાદ નોંધાવી હતી. શાતીર કર્મચારી સેતુ વાવડીયાએ સગા સંબંધીઓને વિશ્વાસમાં લેવા માટે કંપની સામે હાઈકોર્ટમાં કેસ કર્યો હતો અને જે કેસ તે જીતી ગયો હોવાની બોગસ નોટિસો પણ બતાવી હતી. આ અંગે કંપનીના ડાયરેક્ટર ડો. ચંદુ ગાબાણીએ જણાવ્યું હતું કે, સેતુ વાવડીયાએ કંપની સામે ઈડીની નોટિસ તેમજ રૂપિયાની લેતી દેતી અંગે ઈન્કમટેક્ષ વિભાગની પણ નોટિસ બોગસ બનાવી હતી. વધુમાં આરોપીએ દિલ્હીમાં પણ કંપનીનું આઈડી બતાવીનો રૂમ ભાડે રાખ્યું હતું, અને ૨ મહિનાનું ભાડું ન ચૂકવી ચીજ વસ્તુઓની ચોરી કરી હોવાનું પણ બહાર આવ્યું હતું. હાલ તો અંકલેશ્વર GIDC પોલીસે સેતુ વાવડીયાની ધરપકડ કરી આ મામલે વધુ તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા.

**DATE: 19/07/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# ભરૂચ સી ડિવિઝન પોલીસે કાર્યવાહી કરી

# ભાડૂઆતો અંગેની નોંધણી નહીં કરનાર 3 માલિકો સામે ફરિયાદ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા ભાડૂઆતો અંગેની નોંધણી જેતે પોલીસ મથકે કરવામાં આવે તે માટેનું ખાસ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જેમાં દરેક મકાન-દુકાન, ગોડાઉન સહિતની મિલકતો અન્ય લોકોને ભાડેથી આપનાર મકાન માલિકોને તેમના ભાડૂઆતોની નોંધણી કરાવી દેવા તાકીદ કરવામાં આવી છે. ત્યારે જાહેરનામું હોવા છતાં મકાન-મિલકત માલિકો દ્વારા હજી પણ તેમના ભાડૂઆતોની નોંધણી કરવામાં આવતી ન હોવાથી પોલીસ દ્વારા ખાસ ચેકિંગ શરૂ કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે ભરૂચ સી ડિવિઝન પોલીસની ટીમ દ્વારા વડદલા ગામે તપાસ કરી હતી. જ્યાં ત્રણ મકાનના માલિકો દ્વારા તેમના મકાનમાં ભાડૂઆતો રાખ્યાં હોવા છતાં તેની નોંધણી કરાવી ન હોવાનું માલુમ પડ્યું હતું. જેના પગલે ત્રણેય વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 19/07/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### અભયમની મદદ લેતાં પારિવારિક ઝઘડો થાળે પડયો

# સંતાનમાં ચાર દીકરીઓ થતાં જ પતિએ પત્નીની મારઝૂડ શરૂ કરી

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચમાં સંતાનમાં 4 દીકરીઓ થતાં પતિએ પત્નીની મારઝૂડ શરૂ કરી દેતાં આખરે તેણે અભયમની મદદ લીધી હતી. અભયમની ટીમે સ્થળ પર જઈને તપાસ કરતાં પીડીતાએ જણાવ્યું હતું કે, તેને કુલ 5 સંતાનો છે જેમાં 4 દીકરી અને એક દીકરો છે. તેના પતિ એક જ વાત પર મને મારઝૂંડ કરે છે તે આટલી બધી છોકરીઓ કેમ કરી? મેં છોકરીઓ માટે કમાવવા નહીં જવું. જો ચાર છોકરા હોતા તો હુ કમાવવા જત અને એ છોકરાઓ આપણને પાછળ ઘડપણમાં છોકરાઓ કમાવીને આપણને ખવડાવત. બિમાર પડીએ તો હોસ્પિટલમાં લઈ જતા છોકરો છોકરો જ હોય છે દીકરીઓને ભણાવીને શું કરીએ? એમના માટે કેમ મે કમાવવા જાવ આવું કહી પીડીતાને રોજ નશો કરીને માર મારતો હતો. વધુમા તે છોકરીઓ કેમ પેદા કરી મેં છોકરીઓ માટે નોકરી કરવા નહીં જવું અને કમાવીને એમને હું નહીં ખવડાવું તેમ કહી ઝઘડો કરતાં હતાં. અભયમની ટીમે પતિને દીકરા અને દીકરી વચ્ચેનો ફરક સમજાવી નવા કાયદાની કલમો અને તેમાં થતી સજાઓની માહિતી આપી હતી. સમજાવટ બાદ પતિએ પીડીતા પાસે અને પોતાની ચાર દીકરીઓ પાસે હાથ માફી માંગી અને લેખિતમાં બાહેધરી લખી કે હવે પછી હું નોકરી પણ જઈશ અને મારી દીકરીઓને આગળ વધારીશ નોકરી કરાવીશ તેવી ખાતરી આપી હતી.

**DATE: 19/07/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

### મહોરમના પર્વમાં આપેલા સહકાર બદલ આભાર વ્યક્ત કરાયો

# અંકલેશ્વરમાં તાજિયા કમિટી તરફથી અધિકારીઓનું સન્માન કરવામાં આવ્યું

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ શહેર અને જિલ્લામાં મહોરમનું પર્વ શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થયું છે ત્યારે અંકલેશ્વરમાં તાજીયા કમિટી તરફથી અધિકારીઓ અને કર્મચારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. ડીવાયએસપી ગાંગુલી, મામલતદાર કરણસિંહ રાજપુત, પોલીસ ઈન્સપેક્ટરો ગોહિલ, ભૂતિયા, પાલિકા પ્રમુખ લલિતાબેન રાજપુરોહિત



સેનીટેશન કમિટી ચેરમેન સુરેશ પટેલ, સ્થાનિક સભ્ય આમિર મુલ્લા, ગણેશ આયોજક પ્રતીક કાયસ્થ સહિતનાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અંકલેશ્વર શહેર તાલુકા તાજીયા કમિટીના પ્રમુખ બખ્તિયાર પટેલ, સેક્રેટરી વસીમ ફડવાલા, ઉપપ્રમુખ અમન પઠાણ, નૂર કુરેશી, લીગલ એડવાઈઝર હારુન મલેક, કમિટી સભ્યો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

**DATE: 20/07/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# 10 વર્ષથી ફરાર સગીર આરોપી ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

પેરોલ ફર્લોના એસઆઈ ડી.એ.તુવરની ટીમ રાજકોટ જિલ્લા ખાતે તપાસમાં ગઈ હતી. ભરૂચ શહેર સી ડીવીઝન પોલીસ મથકમાં નોંધાયેલા અપહરણ અને દુષ્કર્મના ગુનામાં છેલ્લા 10 વર્ષથી નાસતો ફરતા કાયદાના સંઘર્ષમાં આવેલ બાળક જેના વિરૂધ્ધ કોર્ટમાંથી CRPC 70 મુજબનું વોરંટ ઈસ્યુ કરેલ હોય પરંતુ બનાવ સમયે તેની ઉમર પુખ્ત ન હતી.તેને 16 મી જુલાઈના રોજ ગોંડલ તાલુકા ના દેરડી ખાતેથી ઝડપી લીધો હતો.

**DATE: 20/07/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

# પાલેજ પોલીસ સ્ટેશનની હદના ગામોમાં પોલીસની લાલ આંખ

પાલેજ : પાલેજ પોલીસ સ્ટેશનની હદમાં આવેલા ગામોમાં ધમધમતી દેશી દારૂની ભઠ્ઠીઓ પર પાલેજ પોલીસ સ્ટેશનના સ્ટાફે રેડ કરતા દેશી દારૂ વેચનાર લોકોમાં ફફડાટ વાપી જવા પામ્યો છે. પાલેજ કિસનાદ સીમલીયા સેગવા ટંકારીયા જેવા ગામોમાં દેશી દારૂની ભઠ્ઠીઓ ખેતરો અને પોતાના ઘરોમાં બનાવી ધંધો કરે છે. જેમાં કિશનાળ ગામમાંથી મોટા પ્રમાણમાં દેશી દારૂ પાલેજમાં ઘૂસાડવામાં આવે છે. અખાદ્ય વસ્તુઓથી બનતો દેશી દારૂ જેના કારણે ગરીબ નવ યુવાનો અને મજૂરીયાત વર્ગ સસ્તા દેશી દારૂની લતે ચડે છે અને ભર જવાનીમાં જ મોતને ભેટે છે. પાલેજ પોલીસ દ્વારા દેશી દારૂની ભઠ્ઠા પર રેડ પાડી અને દેશી દારૂ વેચતા બૂટલેગરો પર એક્શન લેવામાં આવ્યાં છે.

**DATE: 20/07/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ભારદારી વાહનો પર પ્રતિબંધ મૂકાયો છે

# નર્મદા મૈયા બ્રિજ પર ટ્રક લાવી દેનારા ડ્રાઈવર સામે ફરિયાદ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર



અંકલેશ્વરના નર્મદા મૈયા બ્રીજ પર ભારદારી વાહનો પર પ્રતિબંધ હોવા છતાં ટ્રક ચાલક ઘસી આવતા પોલીસે ધરપકડ કરી હતી. નર્મદા મૈયા બ્રિજ પર અકસ્માત નું પ્રમાણ વધતા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ભારદારી વાહનો પર નર્મદા મૈયા બ્રિજ પર પસાર થતા માટે પ્રતિબંધ લાદ્યો છે. તેની અમલવારી ચાલુ છે.

ત્યારે ગત રોજ રાત્રી ના મૂળ હરિયાણા ના નસીમ સઈદ અહમદ મેઉ નામનો ટ્રક ચાલક અંકલેશ્વરથી નર્મદા મૈયા બ્રિજ પર ઘસી આવ્યો હતો. તેને બી ડિવિઝન ની નાઈટ પેટ્રોલિંગની ટીમ અટકાવ્યો હતો અને અને તેના વિરુદ્ધ જાહેરનામા ભંગ ની કલમ તેમજ જી પી એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 21/07/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# અંકલેશ્વરમાં 2 બૂટલેગર ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

સક્કરપોર ગામના ઉગમણા ફળીયા પાર્ક કરેલ ઈકો કારમાંથી દારૂનો 36 હજારનો જથ્થો મળી આવ્યો હતો. આ ગુનામાં જુના દીવાનો જયેશ વસાવા પોલીસને ચકમો આપી નાસતો ફરતો હતો. આરોપીને એલસીબીએ ઝડપી પાડયો હતો. આ કેસમાં વધુ એક આરોપી નરેશ વસાવાનું નામ ખુલતાં તેની પણ ધરપકડ કરવામાં આવી હતી. બંને આરોપીને ગ્રામ્ય પોલીસને સોંપવામાં આવ્યાં છે.

**DATE: 21/07/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ગઠિયાઓએ 1.45 કરોડની 36 કાર પચાવી પાડી હતી

# અંકલેશ્વર શહેરમાં કાર ભાડે મૂકવાના કૌભાંડનો ફરાર આરોપી 7 મહિને ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

9 ડિસેમ્બર 2023 ના રોજ અંકલેશ્વર બી ડિવિઝન પોલીસ મથકે 36 કારના 35 માલિક સાથે થયેલી રૂા.1.45 કરોડની છેતરપિંડી પ્રકરણમાં પોલીસે ને વધુ એક આરોપીને ઝડપી પાડ્યો હતો. સરકારી કચેરીમાં કાર ભાડે મુકવાના બહાને 35 જેટલા કાર માલિક સાથે છેતરપિંડી કરવામાં આવી હતી જેમાં અત્યાર સુધીમાં પોલીસે 8 આરોપીની ધરપકડ કરી 32 કાર રીકવર કરી છે. ગુનામાં સલીમ ઈસ્માઈલ મુસા આદમ મન્સૂરીનું નામ પણ સામે આવ્યું હતું જેને છેલ્લા 7 મહિના થી ફરાર હતો. બી ડિવિઝન પી.આઈ. વી કે ભૂતિયા તથા તેમની ટીમે ફરાર આરોપી ને ઝડપી પાડવાની કવાયત શરુ કરી હતી. આરોપી વાલિયા ચોકડી વિસ્તારમાં આવ્યો હોવાની માહિતી મળતા વોચ ગોઠવી આરોપીને ઝડપી પાડયો હતો.

ગઠિયાઓ શહેરના લોકોને ભોળવી તેમને સરકારી કચેરીઓમાં તેમના વાહનો ભાડેથી લગાવી આપવાની લાલત આપતાં હતાં. તેમજ તેમને ભાડામાં સારી રકમ મળવાનું પ્રલોબન આપતાં હતાં. તેઓએ કેટલાંય લોકોને નવી નકોર કાર લેવડાવી હતી. જે બાદ તેમની પાસેથી ઓરિજનલ આરસી બુક તેમજ ચાવીઓ મેળવી લઈ તે કાર અન્યત્ર સ્થળે ભાડેથી મુકવાની હોવાનું કહીં તેમને ભોળવ્યાં હતાં. જે બાદ તેમની કારોને બારોબાર વેચી દેતાં હતાં.

**DATE: 21/07/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-03**

### નેશનલ હાઈવે પર ભરૂચ ટોલનાકા પાસેથી

# આંકડાના જુગારના રૂપિયા લઈ સાધલીથી વાપી જતાં બે કેરિયર ઝડપાયા

ભરૂચ,તા.૨૦

નેશનલ હાઈવે નં.૪૮ પર ભરૂચ ટોલનાકા પાસેથી જુગાર રમાડતા અને જુગારનો હિસાબ વાપી આપવા જતા બે આરોપીઓને રોકડા રૂપિયા તથા કાર સાથે જિલ્લા ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડયા હતા.

## રોકડા રૂ.૫૨ હજાર અને કાર સહિત રૂ.૩.૬૨ લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો, વાપીના શખ્સ સહિત ત્રણ વોન્ટેડ

ભરૂચ જિલ્લા એલ.સી.બી.પોલીસની ટીમ નેશનલ હાઈવે પર પેટ્રોલીંગમાં હતી. તે દરમ્યાન વડોદરા જિલ્લાના સાધલી પાસે આવેલા ગરાડી ગામમાં આંકડાનો જુગાર રમી-રમાડતા અને જુગારનો હિસાબ અને રોકડા રૂપિયા લઈ કારમાં બે શખ્સો વલસાડ જિલ્લાના વાપી ખાતે જઈ રહ્યા હોવાની બાતમીના આધારે એલ.સી.બીની ટીમ ભરૂચ ટોલનાકા ખાતે વોચ ગોઠવી હતી. તે દરમ્યાન બાતમીવાળી કાર આવતા તેને ઝડપી પાડી, તપાસ કરતા કારમાં ડ્રાઈવર અને તેની સાથેના શખ્સની પૂછપરછ કરતાં બંનેએ પોતાના નામ મકસુદ અબ્દુલ હમીદ શ્યામવાલા (રહે. મકાન નં. ૧૭૧૦ હોળી બંગલા, લાલગેટ, સુરત) તેમજ ગોપાલક્રિષ્ન ગણેશભાઈ ગુપ્તા (રહે. મીંઢોલા ટાવર, ભેંસાણ રોડ, સુરત) હોવાનું જણાવ્યું હતું. પોલીસે કારની તલાશી લેતાં સહીત ડેશબોર્ડમાંથી રોકડા રૂ.૫૨,૫૦૦ મળી આવ્યા હતાં. આ રૂપિયા તેઓ વાપીના શાહરૂખને આપવા જતા હોવાનું જણાવતા, આરોપીઓ પાસેથી મળી આવેલા રોકડા રૂપિયા, મોબાઈલમાંથી મળી આવેલા જુગારની ચેટના મોબાઈલ સ્ક્રીન શોટ સહિત કુલ રૂ.૩,૬૨,૫૦૦નો મુદ્દામાલ સાથે અટકાયત કરી હતી. તો ત્રણ આરોપીઓ જગદીશ (રહે.પોર જિ.વડોદરા), ઝાકીર (રહે.ગરાડી) તેમજ શાહરૂખ (રહે.વાપી જિ.વલસાડ)ને વોન્ટેડ જાહેર કરી આગળની તપાસ હાથ ધરી છે.